# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉતરો-ઉતર વધારો થઇ રહેલ છે. સમગ્ર ભારતમાં સુરત શહેર માત્ર એક જ શહેર છે જ્યાં એક ટીકીટ થી સીટીબસ અને BRTS માં મુસાફરી કરી શકાય છે. હાલમાં BRTS ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસના કુલ ૪૫ રૂટ ઉપર આશરે દૈનિક ૨,30,000 જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

ડેડીકેટેડ ફ્રેટ કોરિડોરની કામગીરીના અર્થે તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ થી સુરત- કામરેજ BRTS કોરિડોર પર આવેલ રઘુવીર રો હાઉસ BRTS સ્ટેશન કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી મુસાફરો માટે બંધ કરવામાં આવે છે. કામગીરી પૂર્ણ થયા બાદ રઘુવીર રો હાઉસ BRTS સ્ટેશન ફરીથી મુસાફરો માટે શરૂ કરવામાં આવશે. રઘુવીર રો હાઉસ BRTS સ્ટેશન પરના મુસાફરોએ વાલક ગામ BRTS સ્ટેશન અથવા લશકાણા ગામ BRTS સ્ટેશન પરથી બસ સેવા લેવા જણાવવામાં આવે છે.

જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ....................................
તા.30/૦૭/૨૦૨૨